ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# રાજ્યમાં પાંચ લાખથી વધુ નાગરિકોએ કોરોનાને હરાવ્યો

**આજે દાખલ થયા તેના કરતાં ૧,૦૨૧ વધારે ડિસ્ચાર્જ થયા : અમદાવાદ, સુરત અને રાજકોટમાં નવા દર્દીઓ સામે સાજા થયેલા લોકોની સંખ્યા ઘણી વધારે**

ગાંધીનગર, તા.૭

ગુજરાતમાં અત્યાર સુધીમાં પાંચ લાખથી વધારે લોકોએ કોરોનાને મ્હાત આપી છે. અત્યાર સુધીમાં કુલ ૫,૦૩,૪૯૭ દર્દીઓ કોરોના સામેનો જંગ જીતી ગયા છે. ગુજરાત માટે આજે બીજા સારા સમાચાર એ પણ છે કે આજે દાખલ થયેલા દર્દીઓ કરતાં સાજા થઈને ઘરે ગયેલા દર્દીઓની સંખ્યા વધી છે. સમગ્ર રાજ્યમાં આજે ૧૨,૦૬૪ દર્દીઓ નોંધાયા છે તેની સામે આજના દિવસે ૧૩,૦૮૫ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા છે.

અમદાવાદ શહેરમાં પણ આજે ૩,૭૪૪ નવા દર્દીઓની સામે સાજા થઈને ઘરે ગયેલા દર્દીઓની સંખ્યા ઘણી વધારે ૫,૨૨૦ છે. સુરતમાં પણ આજે ૯૦૩ નવા દર્દીઓ નોંધાયા તેની સામે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા ૧.૬૭૦ છે. રાજકોટ શહેરમાં પણ દાખલ થયેલા દર્દીઓ કરતા સાજા થઈને ગયેલા દર્દીઓની સંખ્યા ઘણી વધારે છે. રાજકોટમાં આજે ૩૮૬ નવા દર્દીઓ દાખલ થયા છે જ્યારે ૪૪૮ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા છે.

સુરત જિલ્લામાં નવા ૩૦૬ દર્દીઓ ઉમેરાયા છે, તેની સામે ૪૯૯ દર્દીઓ સાજા થઈને ગયા છે. આણંદમાં ૧૯૫ નવા દર્દીઓ સામે સાજા થઈને ગયેલા દર્દીઓ ૨૨૯ છે. પાટણમાં ૧૩૯ નવા દર્દીઓ દાખલ થયા છે, તેની સામે ૨૧૦ દર્દીઓ સાજા થઈને ગયા છે. ગાંધીનગર શહેરમાં ૧૩૧ નવા દર્દીઓ નોંધાયા છે, તેની સામે ૧૬૧




દર્દીઓ સાજા થઈને ગયા છે. ભરૂચમાં નવા ૧૧૪ દર્દીઓ છે, જ્યારે ૧૬૯ દર્દીઓ સાજા થઈને ગયા છે. એવી જ રીતે સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૧૨ નવા દર્દીઓ ની સામે ૨૦૨ દર્દીઓ સાજા થઈને ગયા છે.

રાજ્ય સરકારના સઘન પ્રયાસો, તબીબો અને સમગ્ર આરોગ્ય તંત્રની મહેનત અને સમગ્ર વહીવટીતંત્રના પરિશ્રમના સારા પરિણામો મળી રહ્યા છે. ગુજરાતમાં કોરોનાના સંક્રમણમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. ગુજરાતનો રિકવરી રેટ પણ ૭૬.૫૨ ટકા જેટલો થયો છે.

# જિલ્લામાં કેસ ઘટ્યા : ૨૮૬ નવા કેસ

**તંત્રએ હાશકારો અનુભવ્યો : ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણ સ્થિર થયું : શહેરમાં સંક્રમણ ઘટવા લાગ્યું : ગાંધીનગરમાં ૪૧, દહેગામમાં ૧૭, કલોલમાં ૪૭, માણસામાં ૫૦ કેસ નોંધાયા : શહેરનું હાર્દ ગણાતા સેક્ટર-૨૧માં ૧૦ કેસ : ૨૯માં ૮, ૩૦માં ૭, ૨૦માં ૬, સે.૧૪માં ૫ કેસ : સરગાસણમાં ૨૦, કુડાસણમાં ૯, વાવોલ-પાલજમાં ૭-૭, બોરીજમાં ૬ કેસ અને રાંદેસણમાં ૫ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં દસ દિવસ પછી કોરોનાના નવા કેસ ૩૦૦ થી નીચે નોંધાતાં તંત્રએ થોડોક હાશકારો જરૂર અનુભવ્યો છે. જો કે કેસ શહેરમાં ઘટ્યા છે જ્યારે ગ્રામીણ વિસ્તારમાં સંક્રમણ હજુ સ્થિર થયેલુ છે. જે કેસોનો ઘટાડો થવાનો સંકેત આપે છે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં ૧૫૫ કેસ અને ગાંધીનગર શહેરમાં ૧૩૧ કેસ મળી કુલ ૨૮૬ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણ સ્થિર થયુ હોય તેવુ લાગી રહ્યુ છે. જો કે અંતરિયાળ ગામોમાંથી કેસો મળી રહ્યા હોવાથી તંત્રની દોડધામ વધી છે.

જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાંથી ૧૬ દર્દીને સઘન સારવારની જરૂર જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ૬૯ જેટલી મહિલાઓ પણ સંક્રમિતોની યાદીમાં છે. મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે. ૨૩ ખેડૂત, ૭ વિદ્યાર્થી, ૬ જેટલી વ્યક્તીઓ મજૂરી કામ કરતી પણ સંક્રમિત થતાં તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આઈસોલેશન સેન્ટરો શરૂ કરવામાં આવ્યા છે અને તેમાં ૪૮૦૦ થી વધુ બેડની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે કેસો નોંધાયા છે તેમાં દહેગામમાં ૧૭, ગાંધીનગરમાં ૪૧, કલોલમાં ૪૭ અને માણસામાં ૫૦ કેસનો સમાવેશ થાય છે.

ગાંધીનગર, માણસા અને કલોલના ગ્રામ્ય વિસ્તારો ઉપરાંત દહેગામના અંતરિયાળ ગામોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રને સતત દોડતુ રાખ્યુ છે.

દહેગામ તાલુકામાં આજે નોંધાયેલા ૧૭ કેસમાં દહેગામ અર્બનમાં ૨, મીરઝાપુરમાં ૨, પાટનાકુવા ગામે ૨ તેમજ ઝિંડવા, કડજોદરા, પીપલજ, ધારીસણા, ઉદણ, ખાનપુર, લવાડ, ચેખલાપગી, લક્ષ્મીપુરા, નાંદોલ, વડવાસામાંથી પણ કેસ મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં કોરોનાનો કહેર યથાવત છે. ગ્રામીણ વિસ્તારોમાં કોરોના બેફામ વિસ્તરી રહ્યો છે અને તંત્ર લાચાર છે.

જિલ્લાના યાત્રાધામ અને સાંસદના આદર્શ ગામ તરીકે પસંદ થયેલ રૂપાલ ગામેથી આજે વધુ ૧૧ કેસ મળી આવતાં તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે. સરઢવમાંથી પણ આજે ૬ કેસ મળી આવ્યા છે. મગોડીમાંથી ૩, આદરજ, પ્રાંતિયા, અડાલજ, વડોદરામાંથી ૨-૨ કેસ મળી આવેલ છે.

તાલુકાના બુટાકિયા, ડભોડા, દોલારાણા વાસણા, જાખોરા, મોતીપુરા, ભોંયણ રાઠોડ, પુંધરાસણ, ટીંટોડા, ચંદ્રાલા, ઉવારસદ, ઈસનપુર મોટા, વાંકાનેરડા, વિરાતલાવડી ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

કલોલ તાલુકામાં અર્બન તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોરોના સંક્રમણના કેસો વધતાં તંત્રની દોડધામ વધી જવા પામી છે. અહિ ગ્રામીણ વિસ્તારમાં સંક્રમણ ઝડપથી વિસ્તરતુ દેખાતાં તંત્રએ સઘન સર્વેલન્સની કડક તાકીદ કરી છે. કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી આજે બે કેસ મળી આવ્યા છે. તેમજ પાનસર ગામેથી ૮, છત્રાલ અને કરોલી ગામેથી ૫-૫, આજોલમાંથી ૪, સાંતેજ અને ધાનોટ ગામેથી ૩-૩, પલસાણા, ચાંદીસણા, આરસોડિયા ગામેથી ૨-૨ તેમજ ધાનજ, જાસપુર, વડસર, ભીમાસણા, મોટી ભોંયણ, પીયજ, સેરીસા, વાંસજડા, દંતાલી, ધમાસણા, ઈસંડ ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

માણસા તાલુકામાં કોરોનાની બીજી લહેર જે ઝડપથી વિસ્તરતાં તંત્ર અહિ ચોંકી ઉઠ્યુ છે. જો કે તંત્રએ સમગ્ર તાલુકામાં સર્વેલન્સ સઘન કર્યુ છે.

માણસા શહેરમાં સંક્રમણ ઝડપથી વિસ્તરી રહ્યુ હોવાથી તંત્રની ચિંતા વધી છે. માણસા અર્બન વિસ્તારમાંથી આજે વધુ ૭ કેસ મળી આવ્યા છે.

તાલુકાના ગ્રામ્ય વિસ્તાર વરસોડામાંથી ૬, માણેકપુર અને આમજામાંથી ૩-૩, ઈટાદરા, આંટા આંબા, દેલવાડ, લોદરા, પુંદ્રાસણ, સોજામાંથી ૨-૨ કેસ મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૯૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૭૦૬૦ લોકો કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૯૩૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૯૧૩૧ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. ગ્રામીણ વિસ્તારમાં ૬૦૦ થી વધુ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન હાલ છે.

ગાંધીનગર શહેરમાં કોવિડનું સંક્રમણ ઘટ્યુ છે પણ હોટ સ્પોટ બનેલા વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. શહેરમાં સતત ચોથા દિવસે સંક્રમણના કેસોમાં ઘટાડો જોવા મળ્યો છે. જેને લઈ તંત્રએ થોડોક હાશકારો અનુભવ્યો છે.

શહેરમાં સમાવિષ્ટ સેક્ટરોમાં આજે ૬૦ કેસ નોંધાયા છે જ્યારે ગ્રામ્ય અને અન્ય વિસ્તારોમાં આજે ૭૧ કેસ મળી કુલ ૧૩૧ કેસ નોંધાયા છે. શહેરનું હાર્દ ગણાતા સેક્ટર-૨૧ માંથી આજે ૧૦ કેસ મળતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. સે. ૨૯ માંથી કોરોનાનો પહેલો કેસ મળ્યો હતો તે સેક્ટરમાં આજે વધુ ૮ અને સે. ૩૦ માંથી ૭ કેસ મળ્યા છે. સે. ૧૪ માં ૫, સે. ૨૦ માં ૬, સે. ૨૪ અને સે. ૨૬ માં ૪-૪, સે. ૩, ૧૯, ૨૫, ૨૭ માંથી ૨-૨ તેમજ સે. ૨, ૫, ૬, ૧૨, ૧૩, ૨૨, ૨૩, ૨૮ માંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય અને અન્ય વિસ્તારોમાંથી આજે સરગાસણમાંથી ૨૦, કુડાસણમાંથી ૯, પાલજ, વાવોલમાંથી ૭-૭, બોરીજમાંથી ૬, રાંદેસણમાંથી ૫, પેથાપુરમાંથી ૩, જીઈબી, કોલવડા, કોટેશ્વર, ઝુંડાલમાંથી ૨-૨ તેમજ આદીવાડા, ભાટ, રાંધેજા, પોર, રાયસણ, સુઘડમાંથી પણ કેસ મળી આવેલ છે. શહેરમાં આજે ૫૨ મહિલા અને ૮ દર્દી ૨૦ થી ઓછી આયુ ધરાવતા મળી આવ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

## આજથી ડ્રાઈવ થ્રુ રસીકરણ અભિયાન એક્ઝીબીશન સેન્ટર પર શરૂ થશે

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કોવિડ-૧૯ ના સંક્રમણને નાથવા અને રસીકરણના અભિયાનને સઘન બનાવવા માટે ડ્રાઈવ થ્રુ વેક્સિનેશનનો પોગ્રામ આજથી હાથ ધરવામાં આવશે.

હેલિપેડ એક્ઝીબીશન સેન્ટર ખાતે સવારે ૯ થી ૧ દરમ્યાન ૪૫ થી વધુ વય ધરાવતા તમામ વ્યક્તીઓનું ડ્રાઈવ થ્રુ રસીકરણ અંતર્ગત રસીકરણ કરવામાં આવશે. જેમાં લાભાર્થીઓએ આધારકાર્ડથી સ્થળ પર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

## આજે મુખ્યમંત્રી કલોલના આરસોડિયા ગામે મુલાકાતે જશે

"મારૂ ગામ કોરોના મુક્ત ગામ" ગ્રામીણ શક્તિનું જન અભિયાનને લઈ રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આજે કલોલ તાલુકાના આરસોડિયા ગામના આઈસોલેશન સેન્ટરની સવારે ૧૧ વાગે મુલાકાત લેનાર છે.

હાલ આરસોડિયાના આઈસોલેશન સેન્ટરમાં ૧૦ માઈલ્ડ સિસ્ટમ્સ ધરાવતા દર્દીઓ છે. જિલ્લાના ૨૮૬ ગામોમાં ૪૮૦૦ થી વધુ બેડ ધરાવતા આઈસોલેશન સેન્ટરો બનાવવામાં આવ્યા છે.

## ગાંધીનગરમાં મ્યુરો માઈક્રોસીસના ૪ થી ૫ કેસ દેખાતાં તબીબી જગતમાં સન્નાટો

ગાંધીનગર શહેરમાં પણ મ્યુરો માઈક્રોસીસના કેસોએ દેખા દીધી હોવાથી તબીબી જગતમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

કોરોનાની સારવારમાંથી આડ અસરમાં થતા મ્યુરો માઈક્રોસીસના કેસોએ ગાંધીનગરમાં દેખા દીધી હોવાથી તંત્ર દોડતુ થયુ છે. શહેરમાં મ્યુરો માઈક્રોસીસના ૪ થી ૫ જેટલા કેસો અત્યાર સુધીમાં સામે આવ્યા છે. જેમાં બે દર્દીને સારવાર માટે અમદાવાદ રિફર કરવામાં આવ્યાનું પણ જાણવા મળેલ છે. સારવાર દરમ્યાન સ્ટિરહોઈડના ઉપયોગથી આ આડઅસર દર્દીઓમાં જોવા મળતી હોવાની વાતો તબીબી જગતમાં ચર્ચાઈ રહી છે. ગાંધીનગર શહેરમાંથી જ ૪ થી ૫ કેસો દેખાયા છે અને ગ્રામીણ વિસ્તારમાં પણ આવા કેસો હોવાનું જાણવા મળેલ છે. આ મ્યુરો માઈક્રોસીસ નાક-આંખ કાનમાં થતી હોવાનું પણ તબીબોની ચર્ચામાં જાણવા મળ્યુ છે.

**શહેરના રહીશોને રાઉન્ડ ધી કલોક દવા મળી રહે તે માટે**

# ગાંધીનગરની એપોલો ફાર્મસી અને પગરવ ફાર્મસી ખુલ્લી રાખવા પરવાનગી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના નાગરિકોને કોરોનાની મહાબિમારીમાં પોતાના સ્વજનો માટે ૨૪ કલાક દવાની સુવિધા મળી રહે તે માટે ગાંધીનગર શહેરની બે દવાની દુકાનને ૨૪ કલાક ખુલ્લી રાખવાની પરવાનગી ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્ય દ્વારા આપવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં સિવીલ હોસ્પિટલ સાથે અન્ય હોસ્પિટલ આવેલી છે. કોરોનાની મહાબિમારીમાં ગાંધીનગરના નાગરિકો સહિત આસપાસના ગામના ગ્રામજનોને પોતાના સ્વજન કોઈ બિમારીમાં હોય છે. ત્યારે રાત્રિના સમયે કોઈ દવાની અચાનક જરૂરિયાત ઉભી થાય છે. ત્યારે અનેક જગ્યાએ ફરવું પડતું હોય છે.

આવા સમયે નાગરિકોને સરળતાથી દવા મળી રહે તે માટે ગાંધીનગર જિલ્લા કેમીસ્ટ એસોસિએશન દ્વારા જિલ્લા તંત્રને રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતના અનુસંધાને ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યને એપોલો ફોર્મસી અને પગરવ ફાર્મસીને ૨૪ ૮ ૭ કલાક ખુલ્લી રાખવાની મંજૂરી આપવામાં આવી છે. એપોલો ફાર્મસીમાં દવા માટેની ૨૪ કલાકની સેવા આજે તા. ૦૮ મે, ૨૦૨૧ના રોજથી ચાલું થશે. એપોલો ફાર્મસી, સેકટર- ૧૬ માંથી દવા મેળવવા માટે ગુલામઅલીભાઈ, મોબાઈલ – ૯૮૭૯૧ ૮૪૮૩૮ પર સંપર્ક કરવાનો રેહશે. તેમજ સેકટર-૨૩માં આવેલી પગરવ ફાર્મસીમાંથી દવા મેળવવા માટે મૌલિકભાઈ મોબાઈલ - ૯૮૭૯૩ ૫૩૨૫૨ પર સંપર્ક કરવાનો રેહશે.


## શ્રદ્ધાંજલિ



**રેશમા...**

૮મી મે આપણા મિલનનો દિવસ...
દરેક ઉષ્ણાતાના દિવસોમાં મારા સમગ્ર જીવનને શીતળતા આપતો તારો સથવારો અને સહેવાસ મને સાંપડ્યા હતા.
તારા સરળ, સુગમ અને સંવેદના સભર સ્વભાવ તથા સેવાભાવે, મારા કુટુંબ ઉપરાંત સ્વજનો અને મિત્રોના દિલ પણ જીતી લીધા.
તારી અણધારી વિદાયે મારા જીવન અને કુટુંબમાં ન પુરાય એવો શુન્યવકાશ સર્જાયો છે.
હજુ આંખોની ભીની પાંપણો વચ્ચે તારો ચહેરો તરવરે છે, અને અંતર તને પોકારે છે. સમયનાં વહેણે તને છીનવી લીધી, પરંતુ તારી સ્નેહસભર સ્મૃતિ અમારા હૃદયમાં સદાય રહેશે...

હિમાંશુ આર. નાયક
(માહિતી ખાતુ, ગાંધીનગર)
કૌશલ (પુત્ર) સાક્ષી (પુત્રી)
રણછોડભાઈ પુરૂષોત્તમદાસ નાયક (પરિવાર, ગાંધીનગર)
કનૈયાલાલ સોમનાથ વ્યાસ (પરિવાર, મુંબઈ)


# રાજ્યમાં યુદ્ધના ધોરણે કોરોના બેડની સંખ્યા ૪૧ હજારથી વધારી ૧ લાખ કરાઈ

ગાંધીનગર, તા.૭

છેલ્લા ૧૦ દિવસથી ગુજરાતમાં કોરોનાના કેસ સ્ટેબલ થયા છે. ગઈકાલે ગુજરાતમાં ૧૨,૫૦૦ નવા કેસ સામે ૧૩,૮૦૦ દર્દી સાજા થઈને પોતાના ઘરે ગયા છે જે આપણા સૌ માટે ખૂબ જ રાહતના સમાચાર છે. કોરોનાની બીજી લહેરમાં રાજ્ય સરકારે યુદ્ધના ધોરણે છેલ્લા મહિનામાં બેડની સંખ્યા ૪૧ હજારથી વધારીને ૧ લાખ કરવામાં આવી છે. કોરોના સામે લડવા છેલ્લા દોઢ માસમાં ગુજરાતમાં ૨ લાખ ૭૫ હજારથી વધુ લોકોનું વેક્સિનેશન કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારના સઘન પગલાં તેમજ કોરોના વોરિયર્સની દિવસ-રાત મહેનતના પરિણામે ગુજરાત કોરોનાની બીજી લહેરમાં પણ ધીમે ધીમે મક્કમતાથી બહાર આવી રહ્યું છે તેમ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આજે ગાંધીનગરથી જણાવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે યોગી ડિવાઈન સોસાયટીના ઉપક્રમે આજે આત્મીયધામ- વડોદરા ખાતે આત્મીય પોઝિટિવ કેર-પોસ્ટ કોવિડ સેન્ટરનો ગાંધીનગરથી ઈ-પ્રારંભ કરાયો હતો.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વિશ્વાસ સાથે જણાવ્યું હતું કે, કોરોનાની બીજી લહેરમાં રાજ્ય સરકારે યુદ્ધના ધોરણે છેલ્લા મહિનામાં બેડની સંખ્યા ૪૧ હજારથી વધારીને ૧ લાખ કરવામાં આવી છે. જ્યારે ઓક્સિજન બેડની સંખ્યા ૧૮ હજારથી વધારીને ૫૮ હજાર કરવામાં આવી છે. રાજ્ય સરકારના સઘન પ્રયાસોથી ૨,૦૦૦ જેટલી હોસ્પિટલોમાં દૈનિક ૧૧૦૦ ટન ઓક્સિજનનો ૨૪ કલાક અવિરત પ્રવાહ પુરો પાડવામાં આવી રહ્યો છે. નવા ઓક્સિજન પ્લાન્ટ પણ સ્થાપવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત છેલ્લા એક માસના ગાળામાં ગુજરાતની વિવિધ હોસ્પિટલોમાં કોરોનાના દર્દીઓ માટે રાજ્ય સરકારે ૭ લાખથી વધુ રેમડેસિવર ઈન્જેક્શન ઉપલબ્ધ કરાવીને દર્દીઓને સુવિધા પુરી પાડી છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગુજરાત સરકારે કોરોના સંક્રમણને ગામમાં જ દબાવી દેવા માટે ગત તા, ૦૧ મેથી "મારુ ગામ કોરોના મુક્ત ગામ" અભિયાનનો પ્રારંભ કર્યો છે. જેમાં ગામમાં સર્વેલન્સ કરીને તાવ, શરદી, ઉધરસ જેવા લક્ષણો ધરાવતાં લોકોને અલગ કરીને તેમનો કોરોના ટેસ્ટ કરાવવામાં આવે છે અને જો તેમાં કોઈ પોઝિટિવ આવે તો ગામના કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટરમાં તેની અલગથી સારવાર આપીને સંક્રમણને વધતું અટકાવવાનો પ્રયાસ હાથ ધરાયો છે.


## PRESS NOTIFICATION

It is notified for the information that my Original Qualifying Examination Certificate of Main Senior Secondary Examination of Year 2016 and Roll No. 1605610 Issued by CBSE has been actually lost. Name of the candidate URVI MAHESHSINGH ZALA full Address/Tel.: PLOT NO.42/A SECTOR-19,GANDHINAGAR. **MOBILE NO.9909270398.**


# રાત્રિ કરફયુ વચ્ચે નગરના મુખ્ય ચ-માર્ગ પર અંધારપટ્ટ

ગાંધીનગર તા ૭

શહેરના મુખ્ય ચ માર્ગ પર ચ-૦ થી ચ- ૩ વચ્ચે છેલ્લા ૧૦ દિવસથી અંધારપટ્ટ છે. મુખ્યમાર્ગો પર આ રૂટમાં તમામ લાઈટો ડુલ છે. જયારે સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ અંધારપટ્ટ જોવા મળે છે. સે-૩ સી માં પણ છેલ્લા કેટલાક દિવસોથી બધા જ પોલ્સ બંધ હતા જો કે સ્ટ્રીટ લાઈટો ચાલુ થઈ છે. પરંતુ સેકટરોમાં વારંવાર લાઈટો ડુલ થઈ જતી હોવાની ફરિયાદો પણ વિશેષ ઉઠવા પામી છે.

શહેરમાં એકબાજુ કોરોનાના કહેર વચ્ચે દિવસે પણ સન્નાટો છવાયેલો જોવા મળે છે. જયારે રાત્રિ કરફયુના લીધે સાંજ ઢળતા જ શહેરમા સુનકાર પ્રવર્તે છે. સેકટરોના આંતરિક વિસ્તારો તેમજ શેરીઓમાં પણ કોઈ અવરજવર જોવા મળતી નથી. આ સ્થિતિ વચ્ચે સેકટરોના આંતરિક વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટોની સેવા ખોરવાઈ છે. નવા સેકટરોમાં કેટલાક ઠેકાણે મોટાભાગના પોલ્સ બંધ હાલતમાં છે. જયારે ચ માર્ગ પર પણ ચ-૦ થી ચ- ૩ વચ્ચે અંધારપટ્ટ જોવા મળે છે. ચ માર્ગ પર છેલ્લા ૧૦ દિવસથી સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા સાંજ ઢળતા જ મુખ્ય માર્ગ પર અંધારુ છવાઈ જાય છે.

# કોરોના સારવાર માટેની દવાઓ-સાધનો ટેક્ષ ફ્રી કરવા નિશીથ વ્યાસની માંગ


ગાંધીનગર, તા. ૭

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી નિશીથ વ્યાસે આજે રાજ્યના મુખ્યમંત્રીને એક પત્ર લખી કોરોનાની સારવાર માટે વપરાતી દવાઓને ટેક્ષ ફ્રી કરવાની માંગ કરી છે.

ગુજરાતની પ્રજા આજે કોરોના મહામારીમાં જે રીતે ઝઝુમી રહી છે ત્યારે સંવેદનશીલ સરકારે પ્રજાહિતમાં આ નિર્ણય લેવો જોઈએ તેવી માંગ કરી છે. રાજ્યના મુખ્યમંત્રીને લખેલા બે પાનાના પત્રમાં પ્રજાની વેદનાને વાચા આપી લશ્કરની સહાય લેવા પણ વિનંતી કરી છે.

હાલમાં પણ રાજ્યમાં કોરોના પોઝીટીવ દર્દીઓને દાખલ કરવા માટે ૧૦૮ માં એક-બે દિવસનું વેઈટીંગ છે અને સરકારી સહિત ખાનગી હોસ્પિટલમાં બેડ પણ મળતા નથી. રેમડેસિવિર ઈંજેકશનની જરૂરીયાતવાળા દર્દીઓના પરીવારજનો કાળાબજારમાં ખરીદવા મજબૂર થવું પડી રહ્યું છે. મેડીકલ, ઓક્સીજન સીલીન્ડર મળતા નથી. ત્યારે આ સંજોગોમાં કોરોના દર્દીના પરીવારોની મુશ્કેલીમાં મોંઘવારીએ મુશ્કેલીમાં ઉમેરો કર્યો છે. ધંધા-રોજગાર, નોકરી વિના પરેશાન ગુજરાતના નાગરીકો કોરોનાની સારવારમાં વપરાતી દવા, ઈંજેક્શન સહિતની મેડીકલ સાધનો સહિતને જીએસટીમાંથી મુક્તિ આપવી જોઈએ.


## શ્રદ્ધાંજલિ



**સ્વ. જનકકુમાર મોહનલાલ પટેલ**
સ્વ. તા. ૫/૫/૨૦૨૧, બુધવાર (ઉંમર : ૬૪ વર્ષ)
(ચાંદખેડા, અમદાવાદ)

આપની વિદાયથી પરિવારને ભારે ખોટ પડી છે..
આપના આત્માને ચિરશાંતિ માટે
પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ...

-: શોકાતુર સ્વજન :-
કોકિલાબેન જનકકુમાર પટેલ
પૂજા પૌમિલકુમાર પટેલ (પુત્રી-ઓસ્ટ્રેલિયા)
ઘટા વિશ્વાસકુમાર પટેલ (પુત્રી)
પરંતપ જનકકુમાર પટેલ (પુત્ર)
પ્રમોદભાઈ મોહનલાલ પટેલ (ભાઈ)
જયેન્દ્રભાઈ મોહનલાલ પટેલ (ભાઈ)
જયેશભાઈ મોહનલાલ પટેલ (ભાઈ)
મો. ૬૩૫૫૪૧૬૦૪૭



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · KisaN · ashirvad · Jaquar · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com